ગાંધીનગરના કુ. અંજલિ તન્ના બે એવોર્ડથી સન્માનિત

ગાંધીનગર, તા. ૧૩

વિશ્વ મહિલા દિનની ઉજવણી નિમિત્તે ગાંધીનગરની દીકરી કુ. અંજલિ તન્નાને બબ્બે એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી. અલગ અલગ ક્ષેત્રે જે મહિલાઓ વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરે છે તેમનું સન્માન કરવામાં આવે છે. જે ખરેખર અભિનંદનીય છે. ગાંધીનગરની દીકરી કુ. અંજલિ તન્નાને કલા ક્ષેત્રે બે એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું. તથા નવી સિદ્ધિઓ મેળવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

રોયલ હેરિટેજ ફાઉન્ડેશનના પાંચમા 'ભારત આઈકોન એવોર્ડ'નું મુંબઈમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગરની દીકરી કુ. અંજલિ તન્નાને બેસ્ટ કલાસિકલ ડાંસરનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. આકાશવાણી રેડિયો અને દૂરદર્શન મુંબઈના ડિરેકટર નિરજ અગ્રવાલ, બિઝનેશ વુમન અમલા રુઈયાજીના હસ્તે એવોર્ડ આપવામાં આવ્યો હતો.

આ ઉપરાંત અમદાવાદમાં મેયર બીજલબેન પટેલના હસ્તે કુ. અંજલિ તન્નાને આર્ટ અને કલ્ચર ક્ષેત્રે એવોર્ડ આપવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે કથ્થક વિશારદ કુ. અંજલિ તન્ના વિદેશ પ્રવાસ કરી પરત આવી હતી. સૌથી નાની વયની, ભારતીય શાસ્ત્રીય નૃત્ય કથકની કલાકાર કુ. અંજલિ તન્નાને બબ્બે એવોર્ડથી સન્માન કરાતા ગાંધીનગર અને ગુજરાતનું ગૌરવ વધ્યું છે.

અશ્વિનભાઈ કોમર્સ કૉલેજમાં વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

કડી સર્વ વિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કૉલેજ દ્વારા ટીવાબીકોમ તથા એમકોમના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ ખીમજી વીસરામ હો ખાતે યોજાયો હતો. જેમાં ટી.વાય.બી.કોમ તથા એમ.કોમના વિદ્યાર્થીઓ સહિત ૮૦૦ થી વધઆરે વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમને અનુલક્ષીને અધ્યાપક દ્વારા સ્વાગત ઉદ્બોધન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા ડાન્સિગ અને સિગીંગ રજૂ કરવામાં આવ્યું હતું. કૉલેજના આચાર્ય તથા અધ્યાપકો દ્વારા વિદાય લઈ રહેલાં વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભાવિની શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યના માર્ગદર્શન હેઠળ પ્રા. જિજ્ઞેશ તોગડિયા તથા પ્રા. રજનેદરસિંઘ માડલા દ્વારા કરવામાં આવ્યું હતું.

બીબીએ કૉલેજના એન.એન.એસ. યુનિટ દ્વારા 'સામાજિક સમરસતા' વિષય પર પરિસંવાદ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર ની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી કૉલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન દ્વારા 'સામાજિક સમરસતા' વિષય પર પરિસંવાદનું આયોજન કર્યું હતું.કોલેજ હંમેશા પોતાની સામાજીક જવાબદારી બાબતે જાગૃત રહી સમાજ ઉપયોગી કાર્યક્રમ સાતાત્ય પૂર્ણ રીતે કરતી રહે છે. જે અન્વયે ઉપરોક્ત વિષય પર વિદ્યાર્થીઓને યુવા અવસ્થા માં જ ભારત ના સામાજિક માળખા થી પરિચિત થાય તેમજ જે કાઇ ભ્રાંતિ આ બાબતે હોય તેમાંથી મુક્તિ મેળવે અને ભારતની સમાજ રચના ને સમરસ બનાવે તેવા હેતુ થી ઉપરોક્ત કાર્યક્રમ કરવા માં આવ્યો હતો. જેમાં કુલ ૨૮ વિદ્યાર્થીઓએ ચર્ચા માં ભાગ લીધો હતો. અને પુરાતન સમય થી ભારત ના સમૃદ્ધ સામાજિક વારસા માં જણાવેલ બાબતો ને રસપ્રદ ધાર્મિક તેમજ સામાજિક ઉદાહરણો વડે રજૂ કર્યું હતું. જેમાં કોઈ પણ જગ્યા એ જ્ઞાતિ કે ધર્મના આધારે કોઈપણ પ્રકાર નો ભેદભાવ હતો પણ નહી.અને તેજ પુરાતન વારસા ને આગળ વધારી આજનું યુવાધન પણ સામાજિક સમાનતા નો સંદેશ સમગ્ર વિશ્વ ને આપે તે માટે આ પ્રયત્ન કરવા માં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. અને પોતાના હકારાત્મક અભિપ્રાયો રજૂ. કર્યા હતા જેથી આ સદી એ શાંતિ,સલામતી,સદભાવના તેમજ સમૃદ્ધિ નો સંદેશ આખા વિશ્વ માં ફેલાવે અને આપણો ભારતીય યુવાન દુનિયા ના કોઈપણ ખૂણે જાય "વસુધૈવ કુટુંબકમ નો સંદેશો ફેલાવે અને ભારતીય સંસ્કાર નો પરિચય આપે તેમજ જે લોકો સમાજ માં વ્યક્તિગત સ્વાર્થ માટે રાષ્ટ્ર ને હાનિ પહોચે તેવા કોઈપણ બાબત જેમકે ખોટી અફવાઓ થી કે અન્ય કોઈપણ રીતે પ્રયત્નો કરતાં લોકો નો સામાજિક બહિષ્કાર કરવા સંકલ્પબદ્ધ થવા જણાવ્યુ હતું. વિદ્યાર્થીઓને કોલેજ દ્વારા વિદ્યાર્થીઓ ને પ્રતિજ્ઞા લેવડાવવા માં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજ નાં આચાર્ય ડૉ.રમાકાંત પ્રસ્ટી ના માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડૉ જયેશ તન્ના, પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ તેમજ કૉલેજ પરિવાર દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવા માં આવ્યો હતો.

આર એન લલિતકલા એકેડમીનો રંગારંગ વાર્ષિક ઉત્સવ સંપન્ન

ગાંધીનગર, તા. ૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત આર એન લલિતકલા એકેડમીનો વાર્ષિક ઉત્સવ સાધના-૨૦૨૦ની ઉજવણી કરવામાં આવી હતી. દીપ્ પ્રાગ્ટય કરી મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

સંસ્થાના હોદ્દેદારો ડૉ. સોમાભાઈ પટેલ, કેમ્પસ ડાયરેકટર, સર્વ વિદ્યાલય કડી કેમ્પસ ગાંધીનગર, સલીના નાયર, પ્રિન્સિપાલ એસ.જી. ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ, શ્રીમતી દિપાલી જોષી, પ્રિન્સિપાલ એસ કે પટેલ પ્રાથમિક શાળા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ તાલીમાર્થીઓને મેડલ્સ, મોમેન્ટો અર્પણ કરી પ્રોત્સાહિત કર્યા હતા.

સંચાલિકા દિનાબેન ડોડીયાના માર્ગદર્શન હેઠળ કથ્થક મિટ્ટી ભટ્ટ, ભરત નાટચમ્, શકુંતલા ઓઝા, વેસ્ટર્ન ડાન્સ, સૌરભ પંડ્યા, આશિષ વસાવા, સ્કેટીંગ મનોજ પરમાર, કારાટે આર. સેલવાકુમાર, મનીષ રાજભોઈ દ્વારા તાલીમ આપી ૧૫ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

મોટી સંખ્યામાં આમંત્રિતો, વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ અનિતા વસીતા દ્વારા કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા મહિલા દિનની અનોખી ઉજવણી

ગાંધીનગર, તા. ૧૩

વિશ્વ મહિલા દિન તા. ૮મી માર્ચે સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ તથા સંગીત નાટ્ય અકાદમીના સહયોગથી 'સુરસંગમ' કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં મહિલા ગાયિકાઓ દ્વારા હિન્દી ફિલ્મોના ગીતોથી પ્રેક્ષકો ઝુમી ઉઠ્યા હતા.

શ્રીમતી ઈન્દુબેન નિમાવત, મનીષાબેન ત્રિપાઠી, કોર્પોરેટર હર્ષાબા ધાંધલ, જયશ્રીબેન ખેતિયાનું બ્રહ્માકુમારી કૈલાસ દીદી દ્વારા શાલ ઓઢાણી સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રારંભમાં બ્રહ્માકુમારી પૂ. કૈલાસ દીદીનું સન્માન કરવામાં આવ્યું હતું.

બોલીવુડના ગીતોની ખુબ જ સરસ રીતે રજૂઆત કરવામાં આવી હતી. ૩૦ જેટલા ગીતોની રજુઆત જાણીતા ગાયિકાઓ દીપાલી શાસ્ત્રી, ડૉ. મિતાલી નાગ, શોભના શંકર, સુરભિ બડમલીયા, પંક્તિ વોરા, પરિશી વર્ષમા દ્વારા કરાઈ હતી.

ગુજરાત નાટ્ય અકાદમીના સચિવ પંકજભાઈ ભટ્ટનો આભાર જયશ્રીબેન ખેતિયાએ સંસ્થાવતી માન્યો હતો.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં સર્વપ્રથમ ફકત મહિલા ગાયિકાઓનો કાર્યક્રમ સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા દ્વારા રજૂ કરી વિશ્વ મહિલા દિનની અનોખી રીતે ઉજવણી કરાઈ હતી.

ઘરે બેઠા કામ માટેના કયા કયા વિકલ્પો હોય શકે? માહિતી આપશો

નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner

૧. હું ૧૨ સાયન્સ માં અભ્યાસ કરું છું.સોફ્ટવેર એન્જિનિયર બનવા માટે શું કરવું?

- રોહિત શર્મા, ગાંધીનગર

સૌપ્રથમ તો આપે સૉફ્ટવેર ડેવલોપર એ એન્જિનિયર ના અનેક ક્ષેત્ર માનું એક છે. માટે સૉફ્ટવેર ડેવલોપર બનવા માટે આપે ૧૨ સાયન્સ પછી કોમ્પ્યુટર અથવા આઈ.ટી એન્જિનિયર નો કોર્સ કરવો જરૂરી છે.એ સિવાય આપ બી.સી.એ અને પછી એમ.સી.એ પણ કરી શકો છો.ત્યાર બાદ પણ આ ક્ષેત્ર માં અનેક વિભાગ હોય છે જેમ કે સૉફ્ટવેર ડિઝાઈનર,સૉફ્ટવેર પ્રોગ્રામર,ડેવલોપર,હાર્ડવેર એંજિનિયર ,ક્વોલિટી મેનેજર વગેરે.આપ સૉફ્ટવેર ડેવલોપર તરીકે કારદિર્દી બનાવવા માંગો છો તો સૌપ્રથમ તો આપે વિવિધ પ્રોગ્રામ અને અલ્ગોરિધમ વિશે ઊંડાણ પૂર્વક અભ્યાસ જરૂરી બની રહેશે.એ માટે વિવિધ પ્રોગ્રામિંગ ભાષા નો ઉપયોગ થાય છે જેમ કે જાવા,પીએચપી,ડોટ નેટ,પાઈથન,સી પ્લસ પ્લસ વગેરે.આપ આ બધા માંથી કોઈ

એક ભાષા પર પોતાનું પ્રભુત્વ જમાવી ને એના ઉપર સંશોધન કરી ને નવા નવા સૉફ્ટવેર અને વેબસાઈટ તૈયાર કરી શકો છો.એ માટે આપે વિવિધ અલ્ગોરિધમ અને કોડિંગ ઉપર પણ કામ કરવાનું થાય છે.બની શકે કે પ્રથમ પ્રયત્ને આપ સફળતા પ્રાપ્ત ના પણ કરી શકો પણ વધુ માં વધુ કોડિંગ ની પ્રેક્ટિસ કરી અને અલ્ગોરિધમ નો અભ્યાસ કરી આપ એક ચોક્કસ સારા ડેવલોપર બની શકો છો.એક સારી કોલેજ માંથી જો તમે એંજિનિયર નો કોર્સ કરી આગળ વધો છો તો ચોકકસ પણે આપને એક રાષ્ટ્રીય કક્ષા ની આઈ.ટી સંસ્થા માં અથવા વિદેશ માં પણ સારી જોબ મેળવી શકો છો. . શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

૨. મે બી.કોમ સુધી અભ્યાસ કરેલ છે.હાલ મારા મેરેજ થઈ ગયા પછી હાઉસવાઈફ તરીકે ફરજ નિભાવું છું.શું હું ઘરે બેઠા કોઈ કામ કરી શકું?અને હા તો એના માટેના વિકલ્પ જણાવવા વિનંતી.

- નિશા થડાની, કચ્છ

પ્રથમ, તમારે તે નક્કી કરવું જ જોઈએ કે ઘરે કામ કરવું તમારા માટે યોગ્ય છે કે નહીં. આગળ, તમારે ધ્યાનમાં લેવાની જરૂર છે કે ઘરેલુ કામ પર તમે કયા પ્રકારનું કાર્ય કરવા માંગો છો. કારકીર્દિની શરૂઆત નોકરીમાં તમારી પોતાની કુશળતા અને આવશ્યકતાઓનું મૂલ્યાંકન કરીને અને પછી યોગ્ય મેચ શોધવાથી શરૂ થાય છે. જો તમે કંઈક અલગ રીતે અજમાવવા

માંગતા હો, તો સ્વતંત્ર ઠેકેદાર તરીકે પ્રવેશ-સ્તરના કાર્ય માટેની પુષ્કળ તકો છે. આમાંની ઘણી નોકરીઓ ટેલિફોન અથવા ઓનલાઈન ગ્રાહક સેવાનો વ્યવહાર કરે છે. જ્યારે તમે તમારા ઘરમાંથી ગ્રાહક સેવા એજન્ટ તરીકે કામ કરો છો, ત્યારે તમારે ફક્ત વિશ્વસનીય ઈન્ટરનેટ કનેક્શન અને વૅકિંગ ફોનની જરૂર છે. ટેલિકોમ્યુટ કરવા માટે કંપનીઓ મેડિકલ ટ્રાંસ્ક્રિપ્શનિસ્ટ્સ, ડેટા એન્ટ્રી પ્રોફેશનલ્સ અને વર્ચુઅલ પર્સનલ સહાયકો પણ રાખે છે. જો તમે તમારો પોતાનો વ્યવસાય શરૂ કરવા માંગતા હો, તો તકો વિશાળ છે. તમે સીધી વેચાણ કંપની સાથે પ્રારંભ કરી શકો છો અને સ્થાપિત બ્રાન્ડથી મિત્રો અને પડોશીઓને ઉત્પાદનો વેચી શકો છો. તમે તમારા વેચાણ દ્વારા કમિશન બનાવશો અને ઉત્પાદનો વેચવા માટે અન્ય લોકોને ભરતી કરવાથી પણ. એવી સેંકડો સીધી વેચાણ કંપનીઓ છે કે જે ઘરેલૂ ઉત્પાદનોથી માંડીને મીણબત્તીઓથી રાંધવાના પુરવઠો સુધી બધું પ્રદાન કરે છે. તમારા પોતાના વ્યવસાયને શરૂ કરવા માટેનો બીજો વિકલ્પ એ છે કે તમારા આસપાસ ના વ્યક્તિઓમાં સેવા પ્રદાન કરવી. લાઈફ કોચ, ડે કેર સેન્ટર ઓપરેટર્સ, ફ્લોરિસ્ટ્સ, પ્રોફેશનલ આયોજકો, હેરડ્રેસર અને અન્ય ઘણા વ્યવસાયો, બધાને ઘરે કામ કરવાનો વિકલ્પ છે. ઘણી સ્ત્રીઓ ઘરની આવકના સ્ત્રોત માટે ઈન્ટરનેટ તરફ વળે છે. ઈન્ટરનેટ અનેક ઓનલાઈન નોકરીની તકો પ્રદાન કરે છે. ફ્રીલાન્સ વેબ ડિઝાઈનર, લેખક અથવા વર્ચુઅલ સહાયક તરીકે તમે તમારી સેવાઓ ઓનલાઈન પ્રદાન કરી શકો છો. કોઈ ઓનલાઈન સ્ટોર શરૂ કરવું પણ શક્ય છે કે જે તમે જાતે બનાવેલા ઉત્પાદનોને વેચે અથવા ફરીથી વેચાણના હકો ધરાવતા ઉત્પાદનો વેચે.હવે સૌથી મહત્વ ની વાત એ છે કે આ બધા રસ્તાઓ ઓનલાઈન જોબ ના છે અને ઓનલાઈન જોબ માં ફાયદાઓ તો છે જ પણ સાથે સતર્કતા રાખવી પણ એટલી જ જરૂરી છે.માટે આપ કોઈ પણ કામ હાથ માં લેતા પહેલા ઓયે સાયબર ફ્રોડ નો ભોગ ન બનો એનું ખાસ ધ્યાન રાખવું. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ એક સફળ અને ઉજ્જવળ કારકિર્દી માટે.

૩. હું ધોરણ ૧૨ માં અભ્યાસ કરું છું. બી.એ.એમ.એસ ડિગ્રી વિષે માહિતી આપશો.

શિવ પટેલ, ગાંધીનગર

બેચલર ઓફ આયુર્વેદિક મેડિસિન એન્ડ સર્જરી (બીએએમએસ) તબીબી ક્ષેત્રે સંકલિત ભારતીય ડિગ્રી છે. આ ડિગ્રી પ્રોગ્રામ એ એવા વિદ્યાર્થીઓને અપાય છે જેઓ આધુનિક દવાઓ અને પરંપરાગત આયુર્વેદનો અભ્યાસ કરે છે. આયુર્વેદ વિશ્વની પ્રાચીન તબીબી

પદ્ધતિઓમાંની એક છે. તે તેની મૂળ વેદિક અવધિ તરફ દર્શાવે છે બી.એમ.એસ. (આયુર્વેદિક દવા અને સર્જરીનો સ્નાતક) એ આયુર્વેદિક દવા અને શસ્ત્રક્રિયા પ્રણાલીની શરૂઆતની ડિગ્રી છે, આયુર્વેદિક દવા અને સર્જરી (બે.એમ.એ.એસ.)ની બેચલર આયુર્વેદિક પદ્ધતિમાં સ્નાતક ડિગ્રી કોર્સ છે. આ ડિગ્રી ૫ વર્ષ અને ૬ મહિનાની ડિગ્રી પ્રોગ્રામ પૂર્ણ કર્યા પછી આપવામાં આવે છે જેમાં ૪ અને ૧/૨ વર્ષના શૈક્ષણિક સત્ર અને જીવંત વ્યવહાર સાથે એક વર્ષનો ઈન્ટર્નશીપ પ્રોગ્રામ છે. યુ.જી.(અન્ડર ગ્રેજ્યુએટ) ડિગ્રી કોર્સને પ્રત્યેક ૧.૫ વર્ષના ત્રણ ભાગોમાં વિભાજિત કરવામાં આવે છે. આ વિભાગો ત્રણ વ્યાવસાયિક અભ્યાસક્રમો તરીકે ઓળખાય છે. પ્રથમ વ્યવસાયિક કોર્સમાં વિદ્યાર્થીઓને આયુર્વેદિક પદ્ધતિના શરીરરચના, શરીરવિજ્ઞાન અને ઇતિહાસ વિશે શીખવવામાં આવે છે. બીજા કોર્સમાં તેઓને ઝેરી વિજ્ઞાન અને ફાર્માકોલોજી વિશે શીખવવામાં આવે છે અને અંતિમ કોર્સમાં શસ્ત્રક્રિયા, ઈ.એન.ટી., ત્વચા, પ્રસૂતિશાસ્ત્ર અને સ્ત્રીરોગવિજ્ઞાન શામેલ છે.આપ હાલ ૧૨ સાયન્સ માં છો તો બરાબર મેહનત કરી ને સારા માર્કસ લાવી આપ આ ક્ષેત્ર માં આગળ વધી શકો છો. હાલમાં આયુર્વેદિક દવાઓ અને સારવારની માંગ ખૂબ વધી છે. વધુમાં લોકોનો તેના પર વિશ્વાસ પણ ખૂબ વધ્યો છે. લોકો વિદેશોમાંથી ભારત આયુર્વેદિક સારવાર લેવા સ્પેશિયલ આવતા થયા છે. ભારત સરકાર દ્વારા પણ ખાસ આયુષ નામક મંત્રાલય બનાવવામાં આવ્યું છે જેથી આવી વૈકલ્પિક ઉપચારની પદ્ધતિઓને પ્રોત્સાહન મળે. તેથી આ ક્ષેત્રે એક ઉજ્જવળ ભવિષ્ય ચોક્કસ બની શકે છે. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ એક સફળ અને ઉજ્જવળ કારકિર્દી માટે.

ઈમેલ:questions.careercorner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner

રમત-ગમતના પ્રોત્સાહન માટે 'સ્પોર્ટસ્ ફોર ઓલ' યોજના અંતર્ગત રૂ.૩૧૦ લાખની જોગવાઈ

ગાંધીનગર, તા. ૧૩

રમતગમત મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું છે કે, રાજયના યુવાનોને રમત-ગમત ક્ષેત્રે પ્રોત્સાહન મળે તે માટે 'સ્પોર્ટ્સ ફોર ઓલ યોજના' અંતર્ગત રૂ.૩૧૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

ગ્રામ્યકક્ષાએ રમત-ગમતના મેદાનો અંતર્ગત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજયના યુવાનોને ખેલકૂદ ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા ખેલ મહાકુંભની શરૂઆત કરાવી હતી જેને પરિણામે સરિતા ગાયકવાડ સહિત અનેક ખેલાડીઓ ગ્રામકક્ષાએથી આંતરરાષ્ટ્રીય કક્ષાએ પહોંચ્યા છે.

મંત્રીએ જણાવ્યું કે વર્ષ-૧૯૯૦ સુધી આ વિભાગમાં માત્ર રૂ.૮.૯૨ કરોડની જોગવાઈ હતી જે વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં રૂ. ૫૬૯ કરોડ જેટલી માતબર રકમ ફાળવવામાં આવી છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે ખેલકૂદને પ્રોત્સાહિત કરવા રાજયના ૨૧ જિલ્લાઓમાં રમત-ગમતના મેદાનો છે. ઉપરાંત બાસ્કેટબોલ સહિતની રમતો માટે ૫૦૦ ગામડાઓમાં રમતગમત સંકુલ ઊભા કરવામાં આવનાર છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે તબક્કાવાર રાજયના ગ્રામ્ય ક્ષેત્રો સુધી રમત-ગમતના મેદાનો બનાવવામાં આવશે.

સમર્પણ પબ્લિક સ્કૂલમાં કોરોના વાઇરસથી કેવી રીતે બચવુ તેનો સેમીનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

સમર્પણ પબ્લિક સ્કુલમાં 'કોરોના વાઈરસ' થી બચવા માટે નો જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના આચાર્ય શ્રીમતી નિધિ શર્માએ કોરોના વાઈરસ થી કેવી રીતે બચવુ તેના વિશે માહિતી આપીની વિદ્યાર્થીઓને સમજાવ્યું હતુ. કોરોના વાઈરસ ને કેવી રીતે રોકી શકાય તે વિશેની માહિતી વિદ્યાર્થીઓને ચાર્ટ પેપર, માસ્ક અને સેનેટાઈઝર થી ડેમો આપીને સમજાવ્યું હતું.

જન્મદિને વધામણી

રમેશચંદ્ર રામજીભાઈ તન્ના
મો. ૯૮૯૮૦ ૫૯૫૪૬

દિગ્વિજયસિંહ રાઠોડ

ગીતાબેન પી દવે
મો. ૭૦૪૬૮ ૩૨૪૬૭

પૃથ્વી વોરા
મો. ૭૪૦૫૭ ૫૩૫૦૦

રોહન ડી ગોહેલ
મો. ૬૩૫૪૯ ૨૫૨૦૮

મહર્ષિ ગોપાલ સોલંકી
મો. ૯૪૨૬૩ ૩૩૪૩૮

અનેરી દુષ્યંત દવે
મો. ૭૬૯૮૮ ૧૯૯૭૨